ગાંધીનગરના સેક્ટર-૫ ખાતે વસાહત મંડળની બેઠક યોજાઈ હતી. જેમાં શહેરમાં સતત કપાતા જતા વૃક્ષો અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સાથે બેઠકમાં આગામી સમયમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

કડી ખાતે કૃષિ મહોત્સવનો પ્રારંભ

અમદાવાદ, તા. ૧૬

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે ખેડુતોને વૈજ્ઞાનિક ઢબથી ખેતી કરી સમૃધ્ધ ખેતી કરવા જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને સરકારની કૃષિ લક્ષી યોજનાઓ થકી ખેડૂતોને માહિતગાર કર્યા હતા. મહેસાણા જિલ્લાના તમામ તાલુકાઓમાં કૃષિ મહોત્સવનું આયોજન કરાયું હતું જે અંતર્ગત કડી તાલુકા કક્ષાના કૃષિ મહોત્સવમાં નાયબ મુખ્યમંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે મહેસાણા જિલ્લો કૃષિ ક્ષેત્રે અગ્રેસર બને તે દિશામાં ખેડૂતોએ સહિયારો પ્રયત્ન કરવાનો છે. તેમણે જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રીએ કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, ગરીબ કલ્યાણ મેળા જેવા અનેક લોકપયોગી કાર્યક્રમો થકી છેવાડાના માનવીની ચિંતા કરી છે. ગુજરાત આજે દરેક ક્ષેત્રમાં વિકાસનું ગ્રોથ એન્જીન બન્યું છે. સરકારની નિતીઓ અને નિર્ણયો થકી રાજ્યના ખેડૂતો સમૃધ્ધ બન્યા છે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે પ્રધાનમંત્રીએ ખેડૂતોની આવક બમણી થાય તે દિશામાં નિર્ધાર કર્યો છે જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા કૃષિલક્ષી કામ થઇ રહ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે છેવાડાના ખેડૂતોનો વિકાસ થાય તે દિશામાં સરકાર દ્વારા કામ થઇ રહ્યું છે. જિલ્લાના ખેડૂતોને ડિસ્ટ્રીક બેન્ક દ્વારા ૦ ટકા વ્યાજ ધિરાણ મળી રહ્યું છે. જેનો બહોળો લાભ ખેડૂતો મેળવી રહ્યા છે. મહેસાણા જિલ્લામાં અસરગ્રસ્ત ૪૫ તાલુકાઓ પૈકી જિલ્લાના મહેસાણા, કડી, બેચરાજી, વડનગર અને વિજાપુરના ૧,૦૦,૩૯૩ ખેડૂતોને ૭૧૬૫.૯૫ લાખની સહાય અપાઇ છે. આ ઉપરાંત ૫૧ તાલુકાઓ પૈકી ઉંઝા, વિસનગર, ખેરાલું અને જોટાણા તાલુકાના ૬૦,૫૨૪ ખેડૂતોને ૪૨૫૩.૪૨ લાખની સહાય આપી છે. જિલ્લામાં ૧,૬૦,૯૧૭ ખેડૂતોને ૧૧,૪૧૯.૩૭ લાખની સહાય આપી છે. જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજનામાં ૧૩૯૮૬૮ ખેડૂતોને ૨.૨૭૯૭.૩૬ લાખની સહાયનો લાભ મળ્યો છે. જિલ્લામાં ૨૦૧૮-૧૯માં લઘુત્તમ ટેકાના ભાવે ૮૬૨૪૩.૭૦ કિલ્ન્ટલ મગફળી, ૧૫૭૭૦.૫૦ રાઈ અને ૯૪.૫૦ ક્વિન્ટલ ચણાની ખરીદી કરાઇ છે.

ગ-૦ થી ઘ-૦ તરફના માર્ગ પર ટ્રક જમીનમાં ખુપી ગઈ

શહેરમાં ચોમાસાની સિઝન શરુ થઈ નથી, ત્યારે સામાન્ય વરસાદી ઝાપટા વરસી રહ્યા છે. ત્યારે વરસાદી સિઝનમાં જમીનમાં કાર કે ટ્રક ખુપી જવાના કિસ્સા બનતા હોય છે. ત્યારે ગ-૦ થી ઘ-૦ તરફ જતા માર્ગ પર ભારે વાહનો માટે પ્રતિબંધિત હોવાથી ટ્રક ચાલક પરત ફરી રહ્યો હતો તે સમયે અચાનક તેનો ટ્રક માટીમાં ખુપી જતા ભારે મુસીબત સર્જાઈ હતી. કલાકોની જહેમત બાદ ટ્રક નીકાળવામાં સફળતા મળી હતી.

શિવપુરાકંપામાં વીજળી પડતાં ઘરવપરાશના વીજ ઉપકરણો ખાખ

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર તાલુકામાં બીલ્લીપગે ચોમાસાની શરૂઆત થતાં ગાજવીજ અને પવન સાથે અચાનક બપોરે દોઢ વાગ્યાના અરસામાં જિલ્લાના ચિલોડા નજીક આવેલા શિવપુરાકંપામાં એક માકન ઉપર આકાશી વીજળીના લીસોટાથી વીજ ઉપકરણો બળીને ખાખ થતાં નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. ગામમાં અનેક પરિવારના ઘરે વીજ ઉપકરણો ઝપટમાં આવી જતાં નુકસાન થવા પામ્યું હતું. વીજળીના ઝાટકાથી અનેક ઘરમાં પંખા, ટીવીની ડીસ, બલ્બ, વાયરીંગ, દૂધમંડળીનો વજનકાંટો, ગામની ડીપી સહિતને નુકસાન થવા પામ્યુ હતુ. વીજળી પડતા મકાનની છતનો ટુકડો તૂટી પડ્યો હતો.

વડગામ તાલુકાના જલોતરા વણસોલ પાસે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત

વડગામ, તા. ૧૬

વડગામ તાલુકાના જલોતરા અને વણસોલ ગામ વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઇક ચાલકનું મોત નિપજ્યું હતું જ્યારે અન્ય બે વ્યક્તિઓને ઈજાઓ થતાં પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ જવાયા હતા.

જલોતરા અને વણસોલ ગામ વચ્ચે રવિવારના સવારે ટ્રેક્ટર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં વણસોલના એક શ્રમજીવી પરિવારના વ્યક્તિનુ મોત જ નિપજ્યું હતું. વણસોલના રહીશ મણીભાઈ પરમાર સવારે બાઈક લઈને જલોતરા તરફ આવી રહ્યા હતાં તે સમયે જલોતરા પાસે બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક ચાલક મણીભાઈનુ મોત નિપજ્યું હતું જ્યારે અન્ય બે વ્યક્તિઓને ઈજાઓ થતાં તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. આ અંગેના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ઘટના સ્થળે લોકો દોડી આવ્યા હતાં. મોતના સમાચાર સાંભળતા લોકોમાં અેરેરાટી પ્રસરી હતી. મૃતકના પરિવારજનોમાં રોકકળના દ્રશ્યો સાથે શોક છવાઈ ગયો હતો.

ગાંધીનગર તાલુકાના પ્રાથમિક શિક્ષકોનો યોગ તાલીમ વર્ગ યોજાયો

યોગ ભગાડે રોગ - આજના આધુનિક યુગમાં દરેક માનવીમાં કંઈકને કંઈક માનસિક તણાવ અને અજંપાભરી જિંદગીમાં સુખ-સંતોષ અને શાંતિ મેળવવા તન-મનને હરહંમેશ પ્રફુલ્લિત રાખવા એકમાત્ર યોગ-સાધના ઉપયોગી છે. ત્યારે ૨૧મી જૂનના રોજ વિશ્વયોગ દિવસની ઉજવણી નિમિત્તે હાલમાં યોગના તાલીમ વર્ગનો આરંભ થઈ ચૂક્યો છે. ત્યારે ગાંધીનગર તાલુકાના પ્રાથમિક શિક્ષકો તા. ૧૨મી જુનથી ૧૫મી જુન ૨૦૧૯ સુધી ચાર દિવસ રોજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી જિતેન્દ્રકુમાર મોદીની રાહબરી હેઠળ યોગ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. આમ ૨૧મી જુન વિશ્વયોગ દિવસની ઉજવણીના ભાગરૂપે કુડાસણ સ્થિત સ્વામીનારાયણ ધામ ગાંધીનગર ખાતે યોજાયેલ યોગ તાલીમ વર્ગમાં તાલુકાના ૧૫૦ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રાજ્ય સરકારે કૃષિ સંલગ્ન અને ખેડૂતોના પ્રશ્નોને પ્રાધાન્ય આપ્યું છે : એસ.કે. લાંગા

વાસણિયા ખાતે યોજાયેલ પશુ આરોગ્ય મેળામાં ૫૪૦૦ જેટલા પશુઓને વિવિધ આરોગ્ય સેવા અપાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજરોજ કૃષિ મહોત્સવ-૨૦૧૯ યોજાયો હતો. ગાંધીનગર તાલુકાનો કૃષિ મહોત્સવ મોઢેશ્વરી ભવન, પેથાપુર-રાંધેજા ગામ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમને જિલ્લા કલેકટર એસ.કે. લાંગા અને ધારાસભ્ય શંભુજી ઠાકોરના હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ગાંધીનગરના વાસણિયા મહાદેવ ખાતે યોજાયેલ પશુ આરોગ્ય મેળાને જિલ્લા કલેકટર એસ.કે. લાંગા અને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલના હસ્તે ખુલ્લો મુકાયો હતો.

ગાંધીનગર તાલુકાના કૃષિ મહોત્સવને ખુલ્લો મુકતાં ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ખેડૂતોની આવક વર્ષ-૨૦૨૨ સુધીમાં બમણી કરવા માટે ગુજરાત સરકાર દ્વારા કૃષિ સંલગ્ન અને ખેડૂતોના પ્રશ્નોને પ્રાધાન્ય આપ્યું છે. કૃષિ ક્ષેત્રે નવીનત્તમ સંશોધન, હાઈટેક હોર્ટીકલ્ચર અને એગ્રીકલ્ચર, પશુપાલન, ખેત પેદાશોના મૂલ્ય વર્ધન, જળ, જમીન, વન સંરક્ષણ, સજીવ ખેતી વગેરે વિષયોની માહિતી સરળતાથી ખેડૂતોને મળી રહે તે માટે સમગ્ર રાજયમા વર્ષ-૨૦૦૫થી કૃષિ મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો. આજે પંદરમો કૃષિ મહોત્સવ સમગ્ર રાજયમાં યોજાઈ રહ્યો છે.

ગાંધીનગર તાલુકાના કૃષિ મહોત્સવમાં ઉપસ્થિત ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે, દિવસે દિવસે જમીન ઘટતી જાય છે, જેથી વધુ ખેતી ઉત્પાદન મેળવવા માટે આધુનિક ખેતી કરવી ખૂબ જ જરૂરી છે. આધુનિક ખેતી અંગેની જાણ કૃષિ મહોત્સવ થકી રાજયના તમામ ખેડૂતોને કૃષિ તજજ્ઞો દ્વારા આપવામાં આવી રહી છે. તેમજ અનેક સરકારની સહાય યોજનાઓ અને કૃષિ ક્ષેત્રે થયેલ સંશોધનની જાણ ખેડૂતોને કૃષિ મહોત્સવ થકી સરળતાથી મળી રહી છે. તેમણે ખેડૂતોને ટપક સિંચાઈ પધ્ધતિથી ખેતી કરવા માટે પણ ભાર પૂર્વક જણાવી તેનાથી થતાં ફાયદાઓની વાત પણ કરી હતી.

કલોલના ભાદોલ ગામના કડવા પાટીદાર બેંતાલીસ સમાજ ઉમિયા માતાજી સંસ્થાનમાં યોજાયેલ કૃષિ મહોત્સવને જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલના હસ્તે ખુલ્લો મુકાયો હતો. કૃષિ મહોત્સવને ખુલ્લો મુકી જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું કે, આધુનિક ઢબે ખેતી કરવા માટે ખેડૂતોને જણાવી રાજ્ય સરકારની વિવિધ સહાયકારી યોજનાઓની વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે ઉપસ્થિત સર્વેને પર્યાવરણની જાળવણી કરવા પણ ખાસ જણાવ્યું હતું.

ભૂગર્ભજળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુજરાત જે રીતે વારંવાર દુષ્કાળની સ્થિતિનો સામનો કરી રહેલ છે ત્યારે આ બિલ લાવવુ અત્યંત જરૂરી છે.

ગુજરાત સરકારે આ માટે જળસંચય અભિયાનને આગામી દિવસોમાં વેગીલુ બનાવવા પર ભાર મુક્યો છે. આજે યોજાયેલ કૃષિ મહોત્સવોના કાર્યક્રમોમાં પણ જળસંચય માટેની ખાસ પ્રતિજ્ઞાઓ લેવડાવી લોકભાગીદારી ઉભી કરવાનો પ્રયાસ પણ સરકારે કર્યો છે.

સરકારે જળસંચય અભિયાન માટે મોડેલ ગ્રાઉન્ડ વોટર બિલ ૨૦૦૫નું જે હતુ તેનો પણ વિશેષ અભ્યાસ કર્યો હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે. સરકારે તેના વરિષ્ઠ અધિકારીઓ પાસે પણ આ સુધારા વિધયેક અંગે સૂચનો માંગ્યા છે અને એક જ સપ્તાહમાં આ બધી બાબતોને આખરી ઓપ આપી દેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિકાસ છે. ઘરની રસોઈની જવાબદારીમાં કેદ મહિલાઓને વીણવાની ચિંતામાંથી મુક્તિ છે એ સ્પષ્ટ થાય છે.

આ ઈંધણા-છાણાના બંધનમાંથી મુક્તિનું કારણ છે એલ.પી.જી. અને પી.એન.જી. ગેસ કનેક્શન. ગુજરાત અને ગાંધીનગરમાં અનુક્રમે ૩૮ ટકા અને ૪૬ ટકા ઘરોમાં ઘરની ગૃહિણીઓ ગેસનો ઉપયોગ કરીને રસોઈ કરી શકે છે. ગેસની સુવિધાએ મહિલાઓને બળતણ શોધવાની મજૂરીમાંથી તો મુક્તિ અપાવી છે સાથોસાથ લાકડા-છાણાંના ધૂમાડામાંથી પણ આઝાદી અપાવી છે. આશા રાખીએ કે વધુને વધુ મહિલાઓને ગેસ બળતણની સુખ સવલત મળતી રહે.

પ્રસન્નતાનો....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રસન્ન રહેવા માટે અભિગમ બદલવો પડે. સ્થિતિ કે પરિસ્થિતિને તમે નિવારી શકવાના નથી તો તેને હળવાશથી લેવી જોઈએ. પરિસ્થિતિ આપણા હાથમાં નથી પરંતુ મુકાબલો આપણાં હાથણાં છે. જ્યારે તમે તારી શકો તેમ ન હો તો અભિગમ બદલી નાંખો જીવન પ્રત્યેનો અભિગમ જ જીવાડે છે. તમારી પીડા ઓછી કરે છે અને પીડા ઓછી થાય તો પ્રસન્નતા આવે છે. જીવનમાં આવતા પ્રશ્નો કે નકારાત્મક વ્યકિતઓ પ્રત્યે પણ હકારાત્મક અભિગમ દાખવવો અને હસી કાઢવુ એ મહત્વનુ છે. હાસ્ય જેવી હકારાત્મક ચીજ બીજી એકપણ નથી.

જાણીતા સાહીત્યકાર અને લેખક વસંત ગઢવીએ પળેપળને પર્વ બનાવે પ્રસન્નતા વિષય પર અદભુત વકતવ્ય આપ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે શહેરનો વ્યાપ અને વિસ્તાર ઈન્ફાસ્ટ્રકચરથી વધે પણ ઉંચાઈ તો સાહિત્યિક પ્રવૃતિઓથી જ વધે.ટાઢિયા તાવની ટાઢ ,ખંજવાળ અને પ્રસન્નતા અંદર થી જ આવે . પ્રસન્નતા એટલે હાસ્ય એમ કહેવુ યોગ્ય નથી. હાસ્ય અને પ્રસન્નતા પર્યાય નથી. પ્રસન્નતાએ મનનો સ્થાયી ભાવ છે. જે સદભાગી હોય એને જ પ્રસન્નતાનો સ્થાયી ભાવ પ્રાપ્ત થાય. વ્યથા અને વેદનાને પ્રસન્નતાના વરખમાં પેક કરીને જે દુનિયાને આપી શકે એ લોકો ધન્ય છે. તેમણે ઉમેર્યુ હતુ કે પ્રસન્નતાની અનુભુતિ માટે દ્રષ્ટી બદલવી પડે અને જો આમ થાય તો જીવનમાંથી ટ્રેજેડી ઓછી થશે અને પ્રસન્નતા વધશે. જે લોકો બહુ સફળ થયા છે એમના જીવનમાં પ્રસન્નતા સ્થાયી ભાવ છે. ગાંધીજીના જીવનમાં પણ પ્રસન્નતા સ્થાયી ભાવ હતો. તેમના વકતવ્યના અંતમાં તેમણે ઉમેર્યુ હતુ કે આપણી પ્રસન્નતા બહારના સ્ત્રોત પર નિર્ભર ન હોવી જોઈએ તેમજ પ્રસન્નતા આર્થિક , સામાજિક સ્થિતિ કે સંબંધો પર આધારિત ન હોવી જોઈએ. પ્રસન્નતા કોઈ તબીબ કે ધર્મગુરુ પાસેથી નહીં પામી શકાય પરંતુ અંતરમાંથી ઉઠશે તો જ સ્થાયી ભાવ ધારણ કરશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાં એ જણાંવ્યુ હતુ કે સમાજમાં સામાજિક વિસંગતતા ઉભી થઈ છે. માણસ સમૃધ્ધિથી છલકાઈ ગયો છે. પરંતુ શુન્યતા અનુભવે છે ત્યારે આંતરિક પ્રસન્નતાને સમૃધ્ધ કરવા આ પ્રસ્નન્નતાનુ પર્વ ઉજવાય છે. જે માણસ ખુશ રહે છે તે બીજાને પણ ખુશ રાખી શકે પળે પળને પર્વ બનાવે પ્રસન્નતા વિશે તેમણે ટુંકમાં જણાંવ્યુ હતુ કે પ્રસન્નતા પામવા માટે પ્રસન્ન બનવુ પડે છે. જો પ્રસન્ન બનશુ તો પ્રસન્નતા પામી શકાશે.ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યોના સંસ્કારી સમુહનો પણ ઉલ્લેખ કરીને અંતે તેમણે પ્રસન્નતાને આવકારતા કહ્યુ હતુ કે મોજમાં રહેતા જઈએ.. જીવન વિતાવતા જઈએ... અને સૌને સાથે લેતા જઈએ...

વરસાદી છાંટણા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી.જયારે આજે પણ દિવસ દરમિયાન વાદળિયા માહોલ વચ્ચે નગરજનોએ આકરો તાપ વેઠવાનો વારો આવ્યો ન હતો. પરંતુ મેઘરાજા મન મુકીને ન વરસતા વરસાદની આશ ઠગારી નિવડી હતી. સાંજના સમયે આકાશ ખુલ્લુ રહેતા ગરમીનુ પ્રમાણ વધ્યુ હતુ. શહેરમાં સતત બે દિવસથી વરસાદી વાયરાના લીધે સેકટરોની શેરીઓમાં કચરાના ઢગ ખડકાયા છે. મુખ્યમાર્ગો પર કચરો ઉડીને એકઠો થતા તંત્રએ સફાઇ અભિયાન હાથ ધરવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે. વાતાવરણ પલ્ટાના લીધે ગરમીનો પારો છેલ્લા ૨૦ દિવસથી ઉપર હતો તે ગગડીને ૪૦ ડીગ્રીની અંદર આવી જતા નગરજનોને આકરી ગરમીથી છુટકારો મળ્યો છે.પરંતુ અસહ્ય ઉકળાટના લીધે નવી સમસ્યા ઉભી થઈ છે.

પ્રથમ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે ૧૯મી જુનના દિવસે લોકસભા અધ્યક્ષની ચૂંટણી થશે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ૨૦મી જુનના દિવસે ગુરુવારના દિવસે સંસદના સેન્ટ્રલ હોલમાં સંસદના બન્ને ગૃહોને સંબોધન કરશે. ચોથી જુલાઈના દિવસે આર્થિક સર્વે રજુ કરવામાં આવશે. જ્યારે ૨૦૧૯-૨૦ માટે કેન્દ્રિય બજેટ લોકસભામાં સવારે ૧૧ વાગ્યે રજુ કરવામાં આવશે. લોકસભાના પ્રથમ સત્ર દરમિયાન કુલ ૩૦ બેઠક યોજાશે. સંસદની શરૂઆતની એક દિવસ પહેલા સરકારે આજે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી. જેમાં તમામ નેતાઓ સાથે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં સરકારના આગામી સત્રના એજન્ડાને લઈને વિપક્ષી દળોના નેતાઓને વાકેફ કરાવવામાં આવ્યા હતા. ખાસ કરીને ત્રિપલ તલાક જેવા મહત્વના બિલ ઉપર સહકારની માંગ સરકાર દ્વારા વિપક્ષ પાસેથી કરવામાં આવી છે. રાજ્યસભામાં બિન કોંગ્રેસી નેતાઓ તરફથી સમર્થન મળે તેવી શક્યતા દેખાઈ રહી છે. સરકાર આગામી સત્રમાં ફરી એકવાર ત્રિપલ તલાક બિલ રજુ કરશે. સંસદનું સત્ર ૨૬મી જુલાઈ સુધી ચાલશે. ૨૦મી જુનના દિવસે રાષ્ટ્રપતિનું સંબોધન ઉપયોગી રહેશે. સરકાર કેન્દ્રિય શૈક્ષણિક સંસ્થાઓમાં અનામત બિલ અને આધાર બિલમાં સુધારા જેવા મહત્વના બિલ લાવી શકે છે. ત્રિપલ તલાક બિલને લઈને કોંગ્રેસ પાર્ટીએ ફરીએકવાર પોતાની અલગ પ્રતિક્રિયા આપી છે. સરકારે તમામ પક્ષો સાથે વાતચીત કરીને આગળ વધવુ જોઈએ. આ પહેલા આ બિલ લોકસભામાં પસાર થયું હતું. પરંતુ રાજ્યસભામાં અટવાઈ ગયું હતું.

ઓપરેશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્રે નોંધનીય છે કે, જુન ૨૦૧૫માં ભારતીય સેનાઓ ભારત-મ્યાનમાર સહરદ નજીક વિસ્તારોમાં આતંકવાદીઓ સામે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બળવાખોરો માર્યા ગયા હતા. મણિપુરમાં સેનાના ૧૮ જવાનોને હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દીધા બાદ ભારતે મ્યાનમાર ઘુસેની આકમક કાર્યવાહી કરી હતી. ઓપરેશન સનરાઈઝના પ્રથમ તબક્કામાં ભારતીય સેનાએ મ્યાનમાર રહેલા બળવાખોર સંગઠન અરાકન સામે કાર્યવાહી હાથ ધરી હતી. ભારતીય સેનાએ હાલના દિવસોમાં મોટા ઓપરેશનોને પાર પાડ્યા છે. જેમાં મ્યાનમાર ઉપરાંત પાકિસ્તાનમાં ઘુસીને પણ ઓપરેશનનો પાર પાડવામાં આવ્યા છે.

જળ વ્યવસ્થાપન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમારો ઉદેશ્ય સાથે મળીને પાણી સાથે જોડાયેલી સમસ્યાઓનો ઉકેલ લાવવાનો છે. આ કામ જળશક્તિ મંત્રાલય દ્વારા કરવામાં આવશે. મોદી સરકાર હાલમાં ગ્રામીણ ભારતમાં ૨૦૨૪ સુધી દરેક ઘર સુધી પાણી પહોંચાડવાના લક્ષ્યને હાંસલ કરવાના લઈને ચાલી રહી છે. સતાવાર આંકડાના કહેવા મુજબ ગ્રામીણ વિસ્તારોમાં પાઈપ લાઈન મારફતે પાણી પહોંચાડવા માટે વૃદ્ધિદર ૨૦૧૩-૧૪માં ૧૨ ટકા હતો. જે ૨૦૧૭-૧૮માં આ સ્કીમમાં ૧૭ ટકાનો વધારો થયો છે.

સરકારે જળ પહોંચાડવા માટે અસરકારક યોજના લાવવા ઉપરાંત જળસરક્ષણ અને તેના યોગ્ય ઉપયોગને લઈને પણ લોકોને વાકેફ કરવાનો નિર્ણય કર્યો છે. સામાન્ય લોકોને જળસરક્ષણ પ્રત્યે જાગૃત કરવા માટે સરકાર જળદુતોની નિર્મણૂક કરવાની યોજના બનાવી રહી છે. મોદી સરકાર વિજળી અને શૌચાલય યોજના બાદ હવે દરેક ગામમાં દરેક ઘર સુધી પાઈપલાઈનથી પાણી પહોંચાડવાની મહત્વકાંક્ષી યોજના ધરાવે છે.

કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલુ

અગ્નીશામકો, ફસ્ટ એઈડ, ઓટોમેટીક ફાયર સાધનો અને એલાર્મીંગ સીસ્ટમ, પબ્લીસ્ક એડ્રેસ સીસ્ટમ, ઓટોમેટીક સ્પીંકબર, ઈટર્નલ અને હાઈડ્રેન્ટ્રસ એન પાર્ક હાઈન્ડ્રેન્ટસ પંપીગ વ્યવસ્થા, અગ્નીશામક માટે કેપ્ટીવ પાણી સંગ્રહ, એકઝીટ, સાઈનેઝ, લીફટસની જોગવાઈ, સ્ટેન્ડ બાય પાવર સપ્લાય, વધારાનો રીફયુઝ વિસ્તાર, આગ નિયંત્રણ રૂમ, ખાસ જોખમોના રક્ષણ માટે ખાસ ફાયર સુરક્ષા સીસ્ટમો ફાયર લાયસન્સ કઢાવવા જરૂરી દસ્તાવેજોની આવશ્યકતા રહેતી હોય છે.

બીલ્ડીંગ, બીજી પરવાનગી, પ્લાન પાસની નકલ પ્રમાણિત માપણી શીટ, ડીઆઈએલઆર સક્ષમ સત્તા દ્વારા મંજુર કરેલ પ્લાન, એફીડેવીટ અને અન્ડરટેકીંગ, મહેસુલ રેકર્ડ, ટીપી અન. ડી.પી. પ્લાન ઝોનીંગ પ્રમાણપત્ર, એફ ફોર્મ વિગેરે ડોકયુમેન્ટ જોડી ગુડા વિસ્તારમાં ગુડામાં તથા શહેરી વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાંથી ફાયર એનઓસી મેળવવાની રહે છે.

અતિતની આજ

● ચોથા પાનાનું ચાલુ

અરજીપત્રક ભરવું અનિવાર્ય છે. વીવીઆઈપી માટે દર્શનની અલગથી વ્યવસ્થા કરવામાં આવે છે.

જગનની ૨૦૦૯ની મુલાકાત

વર્ષ ૨૦૦૯માં મુખ્યમંત્રીપુત્ર જગન રેડ્ડી તિરુપતિના દર્શને આવ્યા ત્યારે તેમણે પોતે ખ્રિસ્તી હોવા છતાં ભગવાન વેંકટેશ્વરમાં શ્રદ્ધા ધરાવતા હોવાના એકરારનામાનું અરજીપત્રક ભરીને જ પ્રવેશ મેળવ્યો હતો. એ જ વર્ષે મુખ્યમંત્રી વાયએસ.રાજશેખર રેડ્ડીનું હેલિકોપ્ટર દુર્ઘટનામાં મૃત્યુ થયું હતું. અગાઉ રાજશેખર રેડ્ડી પણ અનેકવાર તિરુપતિ દર્શને આવતા રહ્યા હતા. વર્ષ ૨૦૧૨માં જગન ફરીને તિરુપતિના દર્શને આવ્યા ત્યારે તેમની પાસે ફરીને અરજીપત્રક ભરાવ્યા વિના જ એમને પ્રવેશ અપાયા અંગે ભારે વિવાદ થયો હતો. જોકે કોંગ્રેસથી અલગ થઈને વાયએસઆર કોંગ્રેસ સ્થાપનાર જગને એ વેળા અગાઉ પોતે અરજીપત્રક ભર્યાની વાત કરીને ફરી એની જરૂર નહીં હોવાનું કહ્યું હતું. તેમનું કહેવું હતું કે અગાઉ પંદર વખત હું દર્શને આવી ગયો છું. વર્ષ ૨૦૧૨માં ટીડીપીની સરકાર હતી એટલે ટીડીપી, ભાજપ અને કોંગ્રેસ સહિતના પક્ષોએ હોબાળો મચાવ્યો હતો. મામલો વકર્યો અને તપાસ નિયુક્ત થઈ ત્યારે જગનના સમર્થકોએ કોંગ્રેસનાં નેતા સોનિયા ગાંધી પક્ષનાં અધ્યક્ષ બન્યા પછી ૧૯૯૮માં તિરુપતિના દર્શને આવ્યાં ત્યારે તેમની પાસે નિર્ધારિત એકરારનામાનું અરજીપત્રક નહીં ભરાવાયાનો વળતો પ્રહાર કરાયો હતો. જોકે શ્રીમતી ગાંધીએ પોતે પોતાના પરિવારનો વૈદિક ધર્મ પાળતાં હોવાનું જણાવ્યું હતું.

ઓમર અબદુલ્લા તિરુપતિદર્શને

તિરુપતિના દર્શને આવનાર વીવીઆઈપી પરિવારોમાં જમ્મૂ-કાશ્મીરના મુખ્યમંત્રી અને વાજપેયી કેબિનેટમાં વિદેશ રાજ્યમંત્રી રહેલા ઓમર અબદુલ્લા અને પરિવારનો પણ સમાવેશ છે. ઓમરથી વર્ષો પહેલાં અલગ થઈ ગયેલાં એમનાં હિંદુ પત્ની પાયલ નાથ અને તેમના બંને દીકરાઓ ઝમીર અને ઝહીર અનેકવાર તિરુપતિનાં દર્શને આવતાં રહે છે. ઓમરનાં બહેન અને અત્યારે રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટનાં પત્ની સારા પણ અબદુલ્લા પરિવાર સાથે હજુ થોડા વખત પહેલાં જ ભગવાન વેંકટેશ્વર સ્વામીનાં દર્શન કરવા આવ્યાં હતાં. જોકે અબદુલ્લા પરિવાર થકી તિરુપતિ દર્શન અંગે ભાગ્યે જ કોઈ વિવાદ થયાનું જાણમાં છે.

ટીટીડીના અધ્યક્ષપદનો વિવાદ

તિરુપતિ બાલાજી દેવસ્થાનમ ટ્રસ્ટના અધ્યક્ષપદે નિયુક્ત થનાર સત્તાપક્ષની વ્યક્તિ બિન-હિંદુ હોવાનો વિવાદ વિપક્ષ અને હિંદુ સંગઠનો દ્વારા જગાવવામાં આવે છે. હજુ હમણાં જ સત્તારૂઢ થયેલા રાજ્યના ખ્રિસ્તી મુખ્યમંત્રી જગન રેડ્ડીના મામા અને ભૂતપૂર્વ સાંસદ વાયવી સુબ્બા રેડ્ડીને ટીટીડીના નવા અધ્યક્ષ નિયુક્ત કરાય તે પહેલાં જ વિવાદ ભડક્યો હતો કે તેઓ ખ્રિસ્તી છે અને બિન-હિંદુને અધ્યક્ષ નિયુક્ત કરી શકાય નહીં. બિચારા સુબ્બા રેડ્ડીએ પોતે ૧૦૦% હિંદુ હોવાનું જાહેર કરવું પડ્યું એટલું જ નહીં, ભાજપના સાંસદ ડૉ.સુબ્રમણિયન સ્વામીએ પણ સુબ્બા રેડ્ડી પૂર્ણપણે હિંદુ હોવાની ગવાહી આપતાં ટ્વિટ કરવાની જરૂર પડી હતી. આવું પહેલીવાર થયું નથી. અગાઉના સત્તારૂઢ પક્ષ ટીડીપીની સરકારના મુખ્યમંત્રી નર ચંદ્રબાબુ નાયડુએ જ્યારે પી.સુધાકર યાદવને ટીટીડીના અધ્યક્ષ નિયુક્ત કર્યા ત્યારે પણ તેઓ ખ્રિસ્તી હોવાનો હોબાળો ભાજપ અને વાયએસઆર કૉંગ્રેસ તરફથી મચાવાયો હતો. યાદવે પણ "હું ખ્રિસ્તી નથી" એવા ખુલાસા કરવા પડ્યા હતા. કેન્દ્રની મોદી સરકારમાંથી ટીડીપી ફારેગ થયા પછી કેન્દ્રની સાથે જ રાજ્ય સરકારમાં પણ ભાજપ સાથે ચંદ્રબાબુના પક્ષના છૂટાછેડા થયા હતા.એ પછી ટીટીડીના અધ્યક્ષ યાદવને ત્યાં આવકવેરાના દરોડા પણ પાડવામાં આવ્યા હતા.

તિરુમાલામાં બિન-હિંદુ કર્મચારીઓ

નવાઈ તો એ વાતની છે કે જે મંદિર સંકુલમાં બિન-હિંદુઓને પ્રવેશ આપવા સામે પ્રતિબંધ હોય કે લેખિત બાંયધરી આપીને જ પ્રવેશ મેળવી શકાતો હોય એ તિરુપતિ તિરુમાલામાં દાયકાઓથી નોકરીએ રખાયેલા ૪૪ જેટલા